ચરેડી છાપરા સેવા વસ્તીના રહિશો તેમજ ભાજપ મહાનગરના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ સાથે ટીફીન બેઠક યોજી સૌએ સાથે સમુહ ભોજન કર્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહાનગરના પદાધિકારીઓ, કોર્પોરેટરો, સંગઠનના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

કોર્ટ સંકુલ પાસે પોલીસ જાપ્તામાંથી કેદી નાસી ગયો !

મુદ્દત અર્થે જાપ્તા પોલીસ કોર્ટમાં લઈને આવી હતી ચાર કલાક બાદ રાંધેજા ચોકડી પાસેથી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં આજે બપોરે પોલીસ જાપ્તામાંથી એક કેદી ફરાર થઈ જતા પોલીસતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. શારિરીક-માનસિક ત્રાસ આપવાના ગુનામાં મુદત અર્થે પોલીસ આરોપીને કોર્ટમાં લઈને આવી હતી. જો કે પોલીસ જાપ્તામાંથી નાસી ગયેલા આરોપીને ચાર કલાકની જહેમત બાદ રાંધેજા ચોકડી પાસેથી ઝડપી લેવાયો હતો.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર કલોલ તાલુકાના જામળા ગામમાં રહેતો દિપકસિંહ જસવંતસિંહ રાણાને પોલીસે પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપવાના ગુના હેઠળ, અગાઉ ધરપકડ કરી હતી. જ્યારે આ મામલે કોર્ટમાં કેસ કાર્યવાહી ચાલતી હોવાથી આજે મુદતમાં હાજર રહેવા જાપ્તાની પોલીસ આરોપીને કોર્ટમાં લઈને પહોંચી હતી. બપોરના સમયે પોલીસ વાહનમાંથી ઉતારીને આરોપીને કોર્ટમાં લઈ જવાતો હતો. આ દરમિયાન આરોપીને પોલીસને ધક્કો મારી આંખના પલકારામાં જ જાપ્તામાંથી નાસી ગયો હતો. આ અંગે જાપ્તા પોલીસે કંટ્રોલરૂમમાં જાણ કરીહતી. પોલીસ જાપ્તામાંથી કેદી ફરાર થતા એલર્ટ મોડમાં આવેલા પોલીસતંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી. પેથાપુર પોલીસે આખરે સાંજે ૪.૩૦ કલાકે આરોપી દિપકને રાંધેજા ચોકડી પાસેથી ઝડપી લીધો હતો. આ મામલે સે. ૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સે. ૩/ન્યુ ના બગીચામાંથી નીંદામણ દૂર કરવા સ્થાનિકોની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં રોગચાળો માથુ ઉંચકી રહ્યો છે. તેવામાં શહેરના વિવિધ બગીચાઓમાંથી નીંદામણ દૂર ન કરાતા આવી જગ્યાઓ ઉપર માખી ડેન્ગ્યુના મચ્છર પણ આવી જગ્યાઓમાં છુપાઈને રહેતા હોય છે. તેથી આના કારણે શહેરમાં રોગચાળો વધવા પામ્યો છે.

ગાંધીનગર સેક્ટર-૩-એ-ન્યુ ખાતે આવેલ બગીચો તંત્રના હર હંમેશ ઉદાસીન વલણના કારણે સેક્ટર વસાહતીઓની મુશ્કેલી વધારતો રહ્યો છે. બગીચામાં ઉગતા નીંદામણનો ચોક્કસ સમયસર નાસ ન થતા સ્થાનિકો રોષે ભરાયા છે. બગીચો સાફ કરવા આવતા ભાઈને કહેતા તે એવો જવાબ આપે છે કે મારે બગીચામાં ઘણા બધા કામ હોવાથી આ નિંદામણ દૂર તો નહીં જ થાય. ઉચ્ચ અધિકારીને આ બાબતની મૌખિક જાણ અવારનવાર કરાઈ હોવા છતાં પણ આ મામલે હજુ સુધી કોઈપણ કામકાજ આગળ વધ્યુ નથી. કદાચ તંત્ર ત્યાંથી બીમારીના કારણે કોઈના મોતના સમાચાર આવે ત્યારબાદ જ આ કામ થાય તેવુ લાગી રહ્યું છે.

સેક્ટર-ના ૧૭૨/૨ અને ૧૭૩/૧ ના ખુણા ઉપર આવેલ બગીચાના ખુણાવાળા ભાગ ઉપર વધારે નિંદામણ હોવા છતાં બગીચાના અધિકારીઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી આ નિંદામણની બાબતને આંખ આડા કાન કરી રહ્યા છે. તંત્રને મલાઈ ખાવામાં રસ હોય બગીચાનું નિંદામણ કાઢવામાં થોડો રસ હોય પરંતુ જ્યાં કોઈના સ્વાસ્થ્યની વાત આવે તેવી જગ્યાએ તંત્ર દ્વારા મલાઈની વાત ભુલી કામ કરવા લાગી જવુ જોઈએ.

આજે ચૈત્ય પરિપાટી માટે જૈન ગુરુ ભગવંતો પધારશે

શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટી માટે સેક્ટર-૨૨ ગાંધીનગર સંઘના બિરાજમાન પ.પૂ. પંન્યાસ પ્રવર પ્રસન્નકીર્તિસાગર મ.સા. ૨૮મી ઓગષ્ટ-૨૦૧૩ ના રોજ પધારશે. સંઘ દ્વારા ગુરુભગવંતોનું સામૈયું યોજાશે. ચૈતન્ય પરિપાટી પ્રસંગે પ્રસન્નકીર્તિ સાગરજી મ.સા., ભવ્યકીર્તિસાગરજી મ.સા., સાધ્વી તત્વગુણાશ્રીજી મ.સા., તીર્થરત્નાશ્રીજી મ.સા. આદિઠાણા તા. ૨૮મી ઓગષ્ટ-૧ ના રોજ પધારશે. ગુરુભગવંતોનું સામૈયું સે-૬ થી ના રસ્તેથી સવારે ૭ કલાકે યોજાશે. ગુરુભગવંતોનું વ્યાખ્યાન ઉપાશ્રયમાં સવારે ૭.૩૫ કલાકે અને નવકારશીનો સમય સવારે ૮.૩૦ કલાકે યોજાશે જેનો સૌ જૈનબંધુઓ લાભ લેશે.

ભાજપ મહાનગર દ્વારા ચરેડી ખાતે મેડીકલ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ભાજપ ગાંધીનગર મહાનગર દ્વારા આજે શિતળા સાતમના પવિત્ર તહેવાર નિમિત્તે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સદ્‌ભાવના સંદેશને વાચા આપવા ચરેડીછાપરાની સેવા વસ્તી ખાતે મેડીકલ કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના સદ્‌ભાવના સંદેશને વાચા આપવા ભાજપ મહાનગરના અધ્યક્ષ નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મેડીકલ તેમજ ટીફીન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મેડીકલ કેમ્પમાં ચરેડી છાપરામાં રહેતા ૪૨૮ જેટલા દર્દીઓને ડૉ. પ્રદિપ ભાવસાર અને ડૉ. તુષાર પટેલ દ્વારા તમામ દર્દીઓને તપાસી યોગ્ય સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ ચરેડી છાપરા સેવા વસ્તીના રહિશો તેમજ ભાજપ મહાનગરના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ સાથે ટીફીન બેઠક યોજી સૌએ સાથે સમુહ ભોજન કર્યુ હતુ. બેઠકમાં હાજર કાર્યકર્તાઓને અધ્યક્ષ નિતીનભાઈ પટેલે આગામી કાર્યક્રમની માહિતી આપી આગામી લોકસભાની ચૂંટણીમાં કમળ ખીલવવા માટે હાંકલ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહાનગરના પદાધિકારીઓ, કોર્પોરેટરો, સંગઠનના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

આજે ડભોડા હનુમાન મંદિરે કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે

લોકમેળામાં માનવ મહેરામણ ઉમટશે

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ તરીકે જાણીતું ડભોડિયા હનુમાન મંદિરે દર વર્ષની પરંપરા મુજબ શ્રધ્ધા અને આસ્થાના પ્રતિક સમા ધાર્મિક સ્થળે વર્ષો પહેલાં મંદિરમાં બિરાજમાન હનુમાનની સ્વયંભૂ મૂર્તિ પ્રગટ થતાં મંદિરે વર્ષ દરમિયાન ભકતોનો માનવ મહેરામણ પ્રવાહથી પવિત્ર ધામ શ્રધ્ધાનું કેન્દ્ર બન્યું છે. આ મંદિર ખાતે હિન્દુ ધર્મના પવિત્ર પર્વોની ઉજવણી ખુબ જ ઉમંગભેર ઉજવાતાં શ્રધ્ધાળુમાં અનોખી ભકિતનો માહોલ જોવા મળે છે તે મુજબ હવે યાત્રાધામે દર્શનાર્થીઓની સંખ્યામાં અનેરો વધારો થયો છે.

આ ઉપરાંત પરંપરા મુજબ આ યાત્રાધામમાં દર વર્ષે હનુમાન જન્મજયંતિ, કાળીચૌદશની રાત્રીનો મેળો તથા કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. તે પ્રસંગે પવિત્ર શ્રાવણ માસ-વદ આઠમનું અનેરું માહાત્મ્ય રહેલું છે. આ નિમિત્તે મંદિર દ્વારા ઉજવણીની સંપૂર્ણ પૂર્વ તૈયારીથી અસંખ્ય ઉત્સવપ્રેમી ભકતો સહેલાઈથી દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે મંદિરના પરિસરમાં ૫૦ હજારથી વધુ ભકતો દર્શને આવતાં ભવ્ય લોકમેળો માણવા આવશે. આ પ્રસંગે મંદિરે નિયમિત દૂર દૂરથી શ્રધ્ધાળુ દર શનિવારે તથા મંગળવારે દર્શનાર્થે આવી આરતીનો લ્હાવો લેવા પધારે છે. ભકતો દ્વારા 'દાદા'માં શ્રધ્ધા ધરાવતા ભકતો હનુમાનજીને તેલ, સિંદુર, આંકડાની માળા, સુખડી તથા શ્રીફળ વગેરે અર્પણ કરી મનોકામના અને માનતા પૂર્ણ કરવા હંમેશા શ્રધ્ધા વ્યકત કરે છે.

પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ ટૂર્નામેન્ટનો પ્રારંભ સેક્ટર-૧૫ સાઈ સંસ્થા ખાતે થયો હતો. આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા રાષ્ટ્રીયકક્ષાના ખેલાડીઓ ગાંધીનગર આવ્યા છે. (તસવીર : દિપક જાની)

રાંધેજા અને મહુન્દ્રા ગામમાંથી દશ જુગારીઓની ધરપકડ

પેથાપુર અને ચિલોડા પોલીસે દરોડા પાડી ૧૪ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીકના રાંધેજા અને મહુન્દ્રા ગામમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે પોલીસે દરોડા પાડીને બંને સ્થળોએથી મળી ૧૦ જુગારીની ધરપકડ કરી લેવામાં આવી છે. બંને દરોડામાં મળીને રૂ. ૧૪ હજારનો મુદ્દામાલ ચિલોડા અને પેથાપુર પોલીસે કબ્જે કર્યો છે.

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એસ.જે. વાઘેલા તથા તેમની ટીમે બાતમીને આધારે રાંધેજા ગામની સીમમાં ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતાં. રમેશ વરવા ઠાકોર, વિષ્ણુ નથાજી ઠાકોર અને અનીલ લક્ષ્મણ ઠાકોર મળીને ત્રણેયની રૂ. ૩૨૪૦ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ રાત્રે બે વાગ્યે ચિલોડા પી.આઈ. એલ.બી. મોણપરાએ તેમની ટીમ સાથે મહુન્દ્રા ગામના કુવાવાળા વાસમાં દરોડો પાડીને ૭ શકુનીઓને રંગે હાથ ઝડપી લીધા હતાં. વિજય રતન સોલંકી, મેલાજી કાળાજી ઠાકોર, દિલીપ મોહન પ્રજાપતિ, ધર્મેન્દ્ર દિલીપ સોલંકી, અજય રતિલાલ રાવલ, સંજય રતિલાલ રાવલ અને દિલીપ અંબાલાલ ઠાકોર મળીને સાતેય શખ્સોની રૂ. ૭૩૨૦ રોકડા તથા ૬ મોબાઈલ મળીને કુલ રૂ. ૧૦,૮૨૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. બંને સ્થળોએ દરોડા પાડીને પેથાપુર અને ચિલોડા પોલીસેરૂ. ૧૪,૦૬૦ના મુદ્દામાલ સાથે ૧૦ જુગારીઓની ધરપકડ કરી છે.

ઉદ્યોગભવન ખાતે બપોરે ૨ થી ૨.૩૦ દરમ્યાન છેલ્લા ઘણા વર્ષોથી શ્વસનથી યોગક્રિયાનું માર્ગદર્શન આપવામાં આવે છે. ગુજરાત નાણાકીય નીગમમાં ફરજ બજાવતા રમેશભાઈ જૈન અને ઉદ્યોગ કમિશનરમાં ફરજ બજાવતા મોહીનીબેન ભટ્ટના નેતૃત્વમાં વિવિધ ઓફિસોના લગભગ ૭૦ જેટલા કર્મચારીઓ રોજ આ યોગક્રિયાનો લાભ લઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નીમાવત)

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી/અધિકારી મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કર્મચારી/અધિકારી મંડળની ત્રિવાર્ષિક સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં મંડળના હોદ્દેદારોની ત્રણ વર્ષ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સેક્ટર-૧૦ એ વડી કચેરી ખાતે કર્મચારી/અધિકારી મંડળની ત્રિવાર્ષિક સાધારણ સભા તા. ૨૫ ઓગષ્ટ-૨૦૧૩ ને રવિવારના રોજ પ્રકાશભાઈ શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલ એચ.એન. પટેલના હસ્તે મંડળની સભાસદ યાદીનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે પ્રવીણ એમ. સુતરીયા, ઉપપ્રમુખ તરીકે એ.એમ. કુરેશી (ગુજરાત ઝોન), દિલિપસિંહ જેઠવા (સૌરાષ્ટ્ર ઝોન), મહામંત્રી તરીકે કેતવ વી. ચૌધરી, સહમંત્રી તરીકે રમેશરાવ (ગુજરાત ઝોન), કેતન પાલેજા (સૌરાષ્ટ્ર ઝોન), સંગઠન મંત્રી તરીકે, તરૂણ પટેલ (ગુજરાત ઝોન), અરૂણ કાટબામણા, (સૌરાષ્ટ્ર ઝોન), ખજાનચી તરીકે મહેન્દ્રસિંહ બી. ચૌહાણ, ઓડીટર તરીકે ભાલચંદ્ર પી. જાની, સલાહકાર તરીકે મનુભાઈ કે. પટેલ તેમજ કારોબારી સભ્યોમાં રાજીવ વ્યાસ (અમદાવાદ) આનંદ પવાર (વડોદરા), એમ.એમ. પટેલ (સુરત), રણજીતસિંહ રાણા (કચ્છ), મનુભા (કચ્છ), પંકજ જોષી (જુનાગઢ), વિરમભાઈ (સુરેન્દ્રનગર), રાજેન્દ્ર રાજયગુરૂ (ભાવનગર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૬

તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૧૦.૦૦, ૩.૪૫, ૯.૫૫
ટીનેઝર ગેંગ (ગુજરાતી): ૬.૪૫

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે: ૯.૩૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૩૫
મદ્રાસ કાફે: ૧૦.૫૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ચેન્નાઈ એક્સપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સૂર્યા, વાવોલ્સ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મદ્રાસ કાફે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધ લાઈટ સ્વામી વિવેકાનંદ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦
ટીનેઝર ગેંગ (ગુજરાતી) : ૧૨.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧.૧૫, ૭.૧૫

ચિરાગ, કલોલ

મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત વરદાયિક ચોકમાં બી-૧ ટાઈપ કડી સ્કુલ સામે નવરાત્રી ચોક ખાતે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે સાર્વજનિક શ્રીકૃષ્ણ જન્મોત્સવ સેકટર-૨૩ લગ્નવાડી ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના સાથે ઉજવાશે.
- શ્રી રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા અરૂણભાઈ વ્યાસના નિવાસ સ્થાન પ્લોટ નં. ૪૦૫, પ્રાથમિક શાળાની સામે, સેકટર-૨૪ ખાતે લઘુરૂદ્ર સવારે ૯.૦૦ કલાકે

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

વૃષભ : વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે.

કર્ક : જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. નવા સંબંધ બંધાશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે.

કન્યા : અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવનાઓ છે. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન રામજીભાઈ શર્મા (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૧૫૭૯/૧, સેક્ટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. અમૃતલાલ લક્ષ્મણભાઈ જોશી (ઉ.વ.૮૮) પ્લોટ નં. ૮૦૬/૧, સેક્ટર-૪/સી, ગાંધીનગર.
- સ્વ. મધુબેન મનહરભાઈ વાઘેલા (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૪૫૦/૧, સેક્ટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. આનંદીબેન જેઠાભાઈ પંચાલ (ઉ.વ.૮૫) ઉમિયાનગર, મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.